
# ભોલુનું ભણતર અને ગણતર



ભોલુ નામનો એક છોકરો. તે એક મોટા જંગલમાં રહે. તે અક્ષર પણ ભણેલો નહિ. સાવ અભણ પરંતુ ગણેલો ખરો. સમજદાર ઘણો, વિનયી પણ તેટલો જ.

ભોલુ રોજ રોજ ઘેટાં બકરાંને જંગલમાં ચરાવવા લઈ જાય ને તેના દિવસો પસાર કરે. પ્રકૃતિની ગોદ તેને ખૂબ જ વહાલી લાગે. પ્રકૃતિની ગોદમાં જ જીવવું તેને ગમે.

એક દિવસની વાત.

આ જંગલમાં ચાર-પાંચ ભણેલા છોકરા ફરવા નીકળી પડયા. રસ્તામાં જ તેમને ભોલુ મળ્યો. એકબીજાએ મળીને પરિચય કર્યો.

વિવેક નામનો એક છોકરો. તેણે કહ્યું, 'જંગલમાં તો એક પણ પાકું મકાન જ નથી. લોકો કયાં રહેતા હશે ?' સમર્થ નામનો છોકરો. તેણે પ્રશ્ન કર્યો, 'આ જંગલમાં લોકો કઈ રીતે ભણતા હશે ? અહીં તો શાળા જ નથી!' ત્રીજો છોકરો તે કીર્તન. તેના મનમાં પ્રશ્ન ફૂટયો, 'આ જંગલમાં વળી લોકો પિક્ચર કયાં જોતા હશે ?' ને છેલ્લો તે અભિષેક. તેને બધા અભિ કહેતા. તે બોલ્યો, 'આ જંગલમાં લોકો બસ કે ગાડીમાં કઈ રીતે ફરતા હશે ?' ભોલુ તો આ બધા છોકરાઓના પ્રશ્નો સાંભળી જ રહ્યો. તેની પાસે આવા પ્રશ્નોના કોઈ જ ઉત્તર નહોતા. છતાં તેણે પૂછ્યું, 'તમે કયાંય શહેરનાં વૃક્ષો પર ફળ જુઓ છો ખરા ? ભાગ્યે જ જોતા હશો. તમે લોકોએ પ્રાણીઓને આ રીતે છૂટા રમતાં-હરતાં-ફરતાં જોયા છે ખરા ? તમે શહેરમાં આટલી શાંતિનો કદીય અનુભવ કર્યો છે ખરો ?' સાંભળનારા બધાને નવાઈ લાગી.

બધા છોકરાઓને લાગ્યું કે ભોલુ ખૂબ જ ભણેલો હશે. ત્યારબાદ ભોલુ તે બધા છોકરાઓને તેની નાની ઝૂંપડીએ લઈ ગયો.

ભોલુના પિતા તો તે સમયે કોઈ કામ માટે બહાર ગયા હતા. તેની માતા પાણી ભરવા બહાર ગઈ હતી. ભોલુએ બધા  છોકરાઓને એકદમ તાજી છાશ પિવડાવી બધાનું સ્વાગત કર્યું. બધાના આનંદનો કોઈ જ પાર રહ્યો નહિ. તેમણે આ અગાઉ કદીય આવી તાજી છાશ તો પીધી જ નહોતી.

ને એટલામાં જ બેં... બેં.... બેં.... કરતી એક બકરી આવી ને સીધી  ભોલુ પાસે આવીને ઊભી રહી. ભોલુ તરત જ સમજી ગયો કે જરૂર બકરીને કંઈક તકલીફ છે. બકરી તેનો એક પગ ઊંચો રાખતી હતી તેના પગે એક કાંટો વાગ્યો હતો. ભોલુએ કાંટાને ધીમેથી ખેંચી નાખ્યો. બકરીની વેદના દૂર થઈ. બધા  છોકરા જોતા જ રહ્યા. તેમને બધાને થયું, ‘ભોલુ જરૂર પ્રાણીઓની ભાષા જાણે છે. આપણે તો ફક્ત ભણ્યા એટલું જ.”

ને તે પછી વાત ચાલી. ભોલુએ પૂછયું, ‘તમારા શહેરમાં કાળા નાગ હોય છે તેની તમને ખબર છે ?’

બધા આ પ્રશ્ન સાંભળીને નવાઈમાં પડી ગયા. બધા એકબીજાની સામે જોવા લાગ્યા. તેઓ બધા એકસાથે જ બોલી ઉઠયા, ‘ના, અમને ખબર નથી’ પણ વિવેકે પૂછ્યું , ‘ભોલુ, તેં કાળા નાગ જોયા છે ખરા ?’

ભોલુએ કહ્યું, ‘હા.’

‘ક્યાં જોયા છે ? કઈ રીતે ?’ સમર્થે નવાઈથી પૂછ્યું.

“તમારા શહેરમાં કાળા ડામરની સડક છે તેને હું કાળા નાગ કહું છું. રાત-દિવસ લોકો તેની પર આવ-જા કરે છે. બધા શહેરવાળાને જાણે કે ડામરની એ કાળી સડકે વીંટાળી દીધા છે. કોઈને સાચી શાંતિ છે ખરી ? રાત-દિવસ ધમાલ....ધમાલ....ને ધમાલ.....”

બધા છોકરાઓને થયું કે ભોલુ ખૂબ જ ભણ્યો હશે.

કીર્તને પૂછ્યું, ‘અલ્યા ભોલુ, તું કેટલું ભણેલો છે ?’

ભોલુ થોડું શરમાયો. તે તો બિલકુલ ભણેલો જ નહિ. તેણે તો સાચી વાત કહી દીધી અને બોલ્યો, ‘હું અક્ષરેય ભણ્યો નથી.’

બધા  ચૂપ થઈ ગયા. ભોલુ ગળગળો થઈ ગયો. અભિએ કહ્યું, ‘હું હવેથી અહીં બે-એક મહિને આવીશ અને તને ભણાવીશ.’

ભોલુ તો ખુશ ખુશ થઈ ગયો.

ને સાંજ પડવા આવી હતી.

એ બધા જ છોકરાઓ તેમના શહેરમાં પાછા વળ્યા ને પોતપોતાના ઘરે પહોંચ્યા.
સમય વીતવા લાગ્યો.

અભિ બે-એક મહિને તે જંગલમાં જતો. તે ભોલુને ખૂબ જ મન દઈને ભણાવતો. તે પછી તો ભોલુએ પણ બીજા છોકરાઓને ભણાવવા માંડયું.

શહેરમાં ગયા પછી પેલી બાળટોળી ભોલુના પ્રશ્નોથી દંગ રહી ગઈ હતી. તેણે જે વાત કરી હતી તે સત્ય હતી. તે પ્રકૃતિ સાથે જીવતો હતો. કુદરતને પ્રેમ કરતો હતો. તેમને બધાને ભોલુ માટે ખૂબ જ આદર થયો.

એ છોકરાની ટોળી છેવટે એટલું તો સમજી કે એકલું ભણતર નકામું છે. ભણતર સાથે ગણતર પણ હોવું જોઈએ.

હવે તો ભોલુ પણ સમજી ગયો હતો કે ભણ્યા વિના બધું ધૂળ છે. ભણે તે જ સાચો માણસ બની શકે. તે ગણ્યો તો હતો જ ને પછી દિવસો પસાર થવા લાગ્યા....ભોલુએ તેનું ભણવામાં દિલ લગાવ્યું હતું. એટલું જ નહિ, બીજા અભણોને ભણાવીને તે જંગલમાં એક મોટા માણસ તરીકે બહાર આવ્યો હતો. એક સાચા માણસ તરીકે આદર પામ્યો હતો.

લેખક: ગોવિંદ દરજી 'દેવાંશુ'